*कुंजर जिम चेहलें परयो, छिन छिन अधिक समाय ॥*

જેના મનમાં તથા તનમાં પ્રેમરસ ગઢી ગયો છે નામ ખુંચી રહ્યો છે, તે કોઈ રીતે કાઢવો હોય તો નીકળી શકે એમ નથી. દાખલા તરીકે હસ્તિ જેમ ખાડામાં પડ્યો હોય ને જેમ જેમ નીકળવા જોર કરે તેમ તેમ તે વધુ ખૂંચતો જાય.

*चोपाई- सखी कहेवारफेर हों डारी ।*
*रंचककहि बल पिय अनुहारी ॥*
*जिनलक्षण ढूंढ हों पाऊं ।*
*अपनी प्यारी आन मिलाऊं ॥*

સખી ઇંદુમતી કહે છે કે હું તારા પર બલબલ જાઉં છું. તારા પ્રિયની કાંઈક અનુહાર મને કહે તો હું તો લક્ષણો પરથી તેને શોધી કાઢું અને તેને તેની પ્યારી પાસે લાવીને મીલાપ કરાવી દઉં.

*कहत हे कुंवरि मुसक मृदुबानी ।*
*किन पैयतहे प्रेमकहानी ॥*
*वातन व्यंजन कोन अघाये ।*
*का के हात मनोरथ आये ॥*
*मृगतृष्णा कबपानी भई ।*
*काकी भूख मनलडवन गई ॥*

પછી કુંવરી મુસકાન કરી મૃદુવાણીથી કહે છે કે પ્રેમની કહાણી યથાતથા કોણ મેળવી શક્યું છે. વાણીના મેવાથી કોણ તૃપ્ત થયું છે મનમાં મનોરથ કરે તે કોના હાથમાં વસ્તુ આવી. મૃગતૃષ્ણા ક્યારે સાચું પાણી થયું. મનમાં લાડવા ધારે, કોની લાડવાની ભૂખ ગઈ ?

*तब बोली सहचरी सुज्ञाता ।*
*क्यों कहिये बल ऐसी बाता ॥*
*जे अनुकूल होय करतारा ।*

*यप्रेमरस, क्योंहूंन निकस्यो जाय ।*
*ो, छिन छिन अधिक समाय ॥*

ાં પ્રેમરસ ગઢી ગયો છે નામ ખુંચી
ય તો નીકળી શકે એમ નથી. દાખલા
હોય ને જેમ જેમ નીકળવા જોર કરે

*केर हों डारी ।*
*नुहारी ॥*
*ं ।*
*ाऊं ॥*

હું તારા પર બલબલ જાઉં છું. તારા
તો હું તો લક્ષણો પરથી તેને શોધી
લાવીને મીલાપ કરાવી દઉં.

*मृदुबानी ।*
*॥*
*ाये ।*
*ाये ॥*
*।*
*गई ॥*

કરી મૃદુવાણીથી કહે છે કે પ્રેમની
ાક્યું છે. વાણીના મેવાથી કોણ તૃપ્ત
કોના હાથમાં વસ્તુ આવી. મૃગતૃષ્ણા
લાડવા ધારે, કોની લાડવાની ભૂખ

*ाता ।*
*बाता ॥*
*ारा ।*

*स्वप्नहुं साचकरतनहिं वारा ॥*
*मृगतृष्णा सो पानीकरे ।*
*मनके लड्डुवन भूख पुन हरे ॥*

સુજ્ઞાતા સહચરી ઈંદુમતી તે વખતે બોલી : હે કુંવરી તું એવી નિરાશાજનક વાત શા માટે બોલે છે ? જો કીરતાર પ્રભુ અનુકૂળ હોય તો સ્વપ્રનો પણ સાચું કરતાં વાર લાગતી નથી. ભગવાન અનુકૂળ હોય તો મૃગતૃષ્ણનું સાચું પાણી થઈ જાય અને મનના લાડવા સાચા લાડવા થઈ જાય અને તેનાથી ભુખ પણ મટી જાય. પ્રભુ અનુકૂળ હોય એને કાંઈ અસંભવ નથી.

*एकहुती उखा मेरी अली ।*
*स्वप्ने कामकुंवर सों मिली ॥*
*ऐसे लक्षण जो लखपाई ।*
*तो सखी सो सब बात जनाई ॥*
*ताकी सखी विचित्र चित्ररेखा ।*
*गई द्वारका सूक्षम भेखा ॥*
*बुद्धही बुद्ध अनिरुद्ध ले आई ।*
*प्रत्यक्ष आनकें उखा मिलाई ॥*

એક ઉષા કરીને બાણાસુર દૈત્યની કન્યા હતી. એ સ્વપ્રમાં કામકુંવર એટલે પ્રદ્યુમનના કુંવર અનિરુદ્ધને મળી. એણે જે લક્ષણો જોયાં હતાં તે બધી વાત વિસ્તારીને પોતાની સખીને કહી. તેને એક વિચિત્ર ચિત્રલેખા નામની સખી હતી એ સુક્ષ્મવેષ લઈને દ્વારકા ગઈ અને બુદ્ધિનું મથન કરી કોઈ ન જાણે તેમ અનિરુદ્ધને ઉપાડી લાવી અને ઉષાનું મિલન પ્રત્યક્ષ થયું.

*ऐसेही जो तोहि मिलाऊं ।*
*तो इंदुमती नाम कहाऊं ॥*

એ ચિત્રલેખાની જેમ જો હું તને લાવીને મેળાપ કરાવી દઉં તો મારું નામ ઈંદુમતી ગણાવું.

*दोहा- प्रेम बढावे छिनहिंछिन, पूछपूछ अनुहार ।*
*ज्यों मथकाढी अग्निकण, क्रमक्रम देत प्रजार ॥*

આ પ્રમાણે તે નાયકની અનુહાર વારંવાર પૂછીને રૂપમંજરીના પ્રેમની વૃદ્ધિ કરાવે છે જેમ અરણ્યના કાષ્ટને મથીને તેમાંથી અગ્નિ કાઢે પછી ક્રમે ક્રમે તે સર્વ વસ્તુને બાળી દે છે.

*चोपाई- कुंवरि कहेसखी किहिविधि कहिये ।*
*रूप वचन करनाहिन लहिये ॥*
*रूपको रस जाने यहनयना ।*
*तिनहीं नहिन दिये विधि बेयना ॥*
*अरु वहरूप अनूपम जेतो ।*
*नयनन गह्यो गयो नहिं तेतो ॥*
*जोघन सुंदर स्वातको माई ।*
*चातक चंचूपुट न समाई ॥*

કુંવરી કહે છે કે સખી તને એ કેવી રીતે કહું એનું રૂપ વચન વડે કહી શકાય એવું નથી કારણ કે રૂપનો રસ તો આ નયનો જાણે છે પરંતુ વિધિએ એને બેન નામ વાણી આપી નથી અને વળી એ રૂપ એટલું બધું અનુપમ છે કે નેત્રથી એ પૂરું ગ્રહણ પણ કરી શકાતું નથી. હે સખી સ્વાતીનો સુંદર ઘન તો ઘણો વરસેં પરંતુ ચાતકની નાની ચાંચમાં તે ક્યાંથી સમાય.

*दोहा - कह्यो चहत पुन ना कहत, रहत डरप यह भाव ।*
*मोहनमूरति हीयते, कहत निकस जिन जाय ॥*

કહેવાની ઇચ્છા કરે છે પરંતુ પાછું કહેવાનું મન થતું નથી કારણ કે એને એવી બીક રહે છે કે વખતે આ વાત કહું તો મોહનની મુરતી હૃદયમાંથી બહાર પધારી જાય.

*चौपाई-चट पटी परी सहचरीहिये ।*
*पृछत्त बहुर बलैयां लिये ॥*
*कहन लगी तब पिय अनुहारी ।*

*छिन, पूछपूछ अनुहार ।*
*क्रमक्रम देत प्रजार ॥*

ાનુહાર વારંવાર પૂછીને રૂપમંજરીના
ાના કાષ્ટને મથીને તેમાંથી અગ્નિ
બાળી દે છે.

*किहिविधि कहिये ।*
*हिये ॥*
*ा ।*
*बेयना ॥*
*।*
*तो ॥*
*।*
*॥*

એ કેવી રીતે કહું એનું રૂપ વચન
કે રૂપનો રસ તો આ નયનો જાણે
ાણી આપી નથી અને વળી એ રૂપ
એ પૂરું ગ્રહણ પણ કરી શકાતું
ન તો ઘણો વરસેં પરંતુ ચાતકની

*ना कहत, रहत डरप यह भाव ।*
*निकस जिन जाय ॥*

રંતુ પાછું કહેવાનું મન થતું નથી
વખતે આ વાત કહું તો મોહનની
ાય.

*चरीहिये ।*
*॥*
*हारी ।*

*राजत लाज सो राजकुमारी ॥*

સહચરીના હૃદયમાં આ વાતસાંભળવાની ચટપટી લાગી છે. એટલે મને બલૈયા લઈ વિનવીને મનાવીને સ્વપ્નની વાત પૂછ્યા જ કરે છે. પછી રૂપમંજરી પોતાના પ્રિયની અનુહાર કહેવા લાગી પરંતુ કહેતાં કહેતાં આ રાજકુમારીને લજ્જા આવે છે.

*श्यामवरण तन अस रस भीनो .*
*मरकतमणि निचोय रसलीनो ॥*
*मोरचंद्रका सिरपर लोनो ।*
*मानो अली टटवारक टोनो ॥*
*सोहत अस कछु बाकी भ्रोंहीं ।*
*मोंमन जाने के पुन होहीं ॥*

તેને શ્યામ સલોનો વર્ણ એવો રસથી ભીંજાએલો છે કે જાણે સર્વ મરકતમણિને નિચોવીને તેના રસમાંથી આ શ્યામ વરણ બન્યો હોય. પરંતુ તાત્પર્ય એ છે કે મરકતમણિ કરતાં પણ તેની શ્યામતા અતિ સુન્દર છે. વળી એણે મયુર ચંદ્રિકા મસ્તક પર ધારણ કરીછે અને એ ચંદ્રિકાની નીચે ઘુઘરીયાવાળા છુટાછુટા કેશની વાંકડી પંક્તિ દેખાય છે તે જાણે કે ભ્રમરની મુખારવિંદ પર બંદનવાર હોય તેમાં એક ટોનો પણ છે કે કોઈની નજર ન લાગે. એની વાંકી ભ્રકુટી એવી શોભી રહી છે કે એની શોભા મારું મન જ જાણે અગર તો એ ભ્રોહંથી મને શું થાય છે એ હું જ સમજું છું અને વધુ શું કહું -

*चुनचुन शरदकमलदल लीजे ।*
*तिनको मोतीपानियदीजे ॥*
*तामोहनके नयनन आगे ।*
*अली बेहूं अति फीके लागे ॥*
*नासिका मोती जगमग जोती ।*
*कहत कि जो मति एती होती ॥*
*पीतवसन द्युतिपरतन कही ।*
*दामिनीसी कछु थिरव्हे रही ॥*

*लाल के लालकाछिनी छबि ऐसी ।*
*लाल निचोय रंगी होय जैसी ॥*

શરદ કમળના જે દળ અતિ લાલ છે તે બધા ચુંટી ચુંટીને ભેગા કર્યા હોય અને તેને સાચા મોતીનું પાણી ચડાવ્યું હોય તો પણ એ મોહનના નયન આગળ તે પણ ફીકા લાગે. એની નાસીકામાં જે મોતી બિરાજે છે એનો ઝગમગાટ એટલો બધો સુંદર છે કે એ કહેવાને માટે મારી મતિ કામ આપે એમ નથી. એણે પીતપીતાંબર ધારણ કર્યું છે એની દ્યુતિ નામ પ્રકાશ કહી શકાય એમ નથી. ટૂંકાણમાં એમ માનો જાણે દામિનિ નામ વીજળી સ્થિર થઈને રહી હોય એ લાલે લાલ કાછની ધારણ કરી છે. તે અરૂણતા એવી શોભા આપે છે કે જાણે લાલ રંગના માણેકો માત્ર નિચોવીને આ કાછનીને રંગ ચડાવ્યો હોય એમ ભાસે છે. મતલબમાં જે કોઈ દૃષ્ટાંત તેની શોભાના અપાય છે તે સર્વમાં તેની બરોબરી કરવાપણું તો નથી જ પરંતુ સમજવા માટે કાંઈક અનુહાર કહું છું એમ રૂપમંજરી કહે છે.

*मुरली हाथ सुहाईमाई ।*
*विनहि वजाये रागचुचाई ॥*

એના હાથમાં એક સુંદરમુરલી ધારણ કરી છે. સખી એ મુરલી વગર બજાવે એમાંથી રાગો ટપકવા લાગે છે.

*दोहा - ताकेरूप अनूपरस, बोरी मेरी आलि ।*
*आजत नक सुध परनदे, ओरकहोंगीकालि ॥*

હે સખી હું તો એના અનુરૂપ રસના મીલને પાગલ જેવી થઈ ગઈ છું માટે આજ મને આરામ કરવા દે બાકીનું હું તને કાલે કહીશ.

*चोपाई- सुनतहि मुरज परी सहचरी ।*
*आनंद सहित अचंभे भरी ॥*
*बडी बेर जागी अनुरागी ।*
*मनहि मांझ कहन यों लागी ॥*
*कहांहो कुटिल कुचील हियेकी ।*

*छबि ऐसी ।*
*जैसी ॥*

અતિ લાલ છે તે બધા ચુંટી ચુંટીને
મોતીનું પાણી ચડાવ્યું હોય તો પણ
પણ ફીકા લાગે. એની નાસીકામાં જે
ગાટ એટલો બધો સુંદર છે કે એ
આપે એમ નથી. એણે પીતપીતાંબર
મ પ્રકાશ કહી શકાય એમ નથી.
નિ નામ વીજળી સ્થિર થઈને રહી
ણ કરી છે. તે અરૂણતા એવી શોભા
ાણેકો માત્ર નિચોવીને આ કાછનીને
છે. મતલબમાં જે કોઈ દૃષ્ટાંત તેની
ેની બરોબરી કરવાપણું તો નથી જ
હાર કહું છું એમ રૂપમંજરી કહે છે.

*ई ॥*

રમુરલી ધારણ કરી છે. સખી એ
ગો ટપકવા લાગે છે.

*रस, बोरी मेरी आलि ।*
*, ओरकहोंगीकालि ॥*

ુરૂપ રસના મીલને પાગલ જેવી થઈ
કરવા દે બાકીનું હું તને કાલે કહીશ.

*परी सहचरी ।*
*री ॥*
*ी ।*
*नागी ॥*
*हियेकी ।*

*कहां यह दया सांवरे पियकि ॥*
*अनेक जन्म जोगीतपकरे ।*
*मरपच चपल चित्त कों धरे ॥*
*सो चित्त ले उहिं और चलावें ।*
*तोऊ वे नाथ हाथ नहिं आवे ॥*
*जब गोपिनके सोहि त होई ।*
*तबकहूं जाय पाइये सोई ॥*
*कवन पुण्य याति यके माई ।*
*नंदसुवनसे पिय मिलआई ॥*
*निरवधि रमारमण विश्रामा ।*
*तामें वसी लसी यहभामा ॥*
*व्रअ युवतिन को दरपण जोई ।*
*तामेंमुख जुक आई सोई ॥*

આ સૌભાગ્યની સહચરીની વાત સાંભળી ઈંદુમતીને મૂર્છા આવી ગઈ તેમજ અચંબામાં પડી ગઈ અને આનંદ અનુભવવા લાગી. પછી ઘણીવારે મુર્છામાંથી જાગૃત થઈ અને રૂપમંજરી પર અનુરાગ કરી મનમાં એમ કહેવા લાગી. અરે ક્યાં હું કુટીલ અને ખરાબ આચરણવાળા હૃદયની અનેક્યાં સાંવરા પ્રિયની દયા. જરૂર કૃપા પાસેસર્વ સાધ્ય છે. યોગી પુરૂષો અનેક જન્મ સુધી તપ કરે અને ખૂબ મરવા જેવી મહેનત કરી ચિત્તની ચપલતા પર કાબુ મેળવે અને પછી એ ચિતને ભગવાન તરફ યોજે તો પણ એ નાથ હાથ આવતો નથી એ તો ક્યારે હાથ આવે કે જ્યારે ગોપીજનના જેવો ભગવાન પર સ્નેહ હોય તો, એ વખતે શ્યામ મનોહર મળે. અરે આ રૂપમંજરી પ્રિયના એવા શાં પુણ્ય હશે કે જેના યોગે નંદસુવન પ્રિયને એ મળી આવી. જેની અવધિ નથી અને જ્યાં રમારમણ રમણ કરી રહેલ છે ત્યાં જઈ આ વિશ્રામ કરી આવી અને વળી આ ભામા ત્યાં વસી તેમજ કાંઈક રમી પણ ખરી. વૃજ યુવતીના જે દરપણો નામ હૃદયો છે તેમાં આ ભામા ઝૂકી ઝૂકીને પોતાનું મુખ જોઈ આવી.

दोहा- सहचरी भूलीसी रही, फूली अंगनसमाय ।
अँधरेही चक चौंधि जिम, सुंदरनयन हि पाय ॥

સહચરી તો મુગ્ધ થઈ ગઈ આનંદનો એને અતિરેક થયો છે તેનું સુપ્રસન્ન અંગ પુષ્ટ થઈ ગયું છે. એને કેવો આનંદ થયો છે જેમ કોઈ જન્માંધ હોય અને એને અચાનક સુંદર નયન આવી જાય તો તે એકદમ અતિ આશ્ચર્યમાં પડી જાય તેમ તેને એમ થાય કે આ બધું શું છે ? ભારે આશ્ચર્ય લાગે તેમ ઈંદુમતી પણ અચંબામાં ગરકાવ થઈ ગઈ.

चोपाई- कुंवरि सजनि सयानी ।
सुपनेकी बातन क्यों मुरझानी ॥
सखी कहे बल यह सुपन न होई ।
सत्य आहि अब सुन ले सोई ॥

હે શાણી સખી કુંવરી સખી પ્રત્યે કહેછે કે સ્વપ્નની વાતમાં તને કેમ મૂર્છા જેવું આવી જાય છે. ઈંદુમતી કહે છે કે હે કુંવરી આ સ્વપ્ર ન હોય એ સત્ય છે. હવે હું એનું વાર્તિક તને સંભળવાું પછી તુ કહેજે કે આ શું છે ?

तेरो रूप अनूप सुभायक ।
जान्यो जात वृथा विन नायक ॥
तोमं यह एक देव मनायो ।
सो बल तोकुं स्वपने आयो ॥
बहुतहि बहुत भांत तम आयो ।
पें यहनायक विरलें पायो ॥
देखके बल तुव भाग बडाई ।
ता ते मोहि मुरझाई आई ॥

અરે સખી તારું સુન્દર શોભાભર્યું અનુપમ રૂપ સુંદર નાયક વગર નકામું જાય તેની ખાતર મેં એક દેવ મનાવ્યો અને તે માનતાના બળથી તે તને સ્વપ્નમાં આવ્યો. અરે ઘણા યોગી પુરુષોએ બહુ બહુ

*रही, फूली अंगनसमाय ।*
*, सुंदरनयन हि पाय ॥*

ઈ આનંદનો એને અતિરેક થયો છે છે. એને કેવો આનંદ થયો છે જેમ ાનક સુંદર નયન આવી જાય તો તે તેમ તેને એમ થાય કે આ બધું શું દુમતી પણ અચંબામાં ગરકાવ થઈ

*सयानी ।*
*ज्ञानी ॥*
*न न होई ।*
*सोई ॥*

ખી પ્રત્યે કહેછે કે સ્વપ્નની વાતમાં . ઇંદુમતી કહે છે કે હે કુંવરી આ એનું વાર્તિક તને સંભળવાું પછી તું

*क ।*
*नायक ॥*
*यो ।*
*ायो ॥*
*आयो ।*
*ो ॥*
*वडाई ।*
*ई ॥*

ોભાભર્યું અનુપમ રૂપ સુંદર નાયક એક દેવ મનાવ્યો અને તે માનતાના અરે ઘણા યોગી પુરુષોએ બહુ બહુ

પ્રકારે પોતાનું તન તપાવ્યું તો પણ કોઈ વીરલ જ એ નાયકને મેળવી શકે છે. અને તે તને મળ્યો એટલે તારાભાગ્યની બડાઈ જોઈ મને મૂર્છા આવી ગઈ. તને એ નાયક મળ્યો એ જ અજાયબી છે.

*सखी कहे बलि जिहिं बनते पायो ।*
*तोहीबन एकगांम सुहायो ॥*
*गोकुलगाम जाउं बलहारी ।*
*जगमगाय छबिजगते न्यारी ॥*
*ताको गोपनंद वडराजा ।*
*सदा सर्वदा एकहि साजा ॥*
*यशुमतिरानी सबजग जानी ।*
*भागभरी सुन परत वखानी ॥*
*रमा उमासी दासी जाकी ।*
*सुरपतिरवनी कोन वराकी ॥*
*तिनको सुत सो कुंवर कन्हाई ।*
*ताकी छबि तू देखहिं आई ॥*

હવે ઇંદુમતિ એની સખી રૂપમંજરીને કહે છે કે તને જે વનમાં તે મળ્યો તે વનમાં એક સોંહામણું ગામ છે. એ ગામનું નામ ગોકુળ છે. એવું સુંદર છે કે તેના પર સર્વ સુંદરતા ન્યોછાવર કરીએ. વળી ત્યાં અપૂર્વ ઝગમગાટ નામ પ્રકાશ છે. વળી જગતના સર્વ શહેરો કરતાં એની શોભા અનોખી છે. ત્યાં આગળ ગોપનંદરાય મોટો રાજા છે અને તે નિરંતર એક જ સજાવટમાં રહે છે. યશુમતી કરીને તેને એક મહારાણી છે અને તે મહાભાગ્યવતી છે અને એની પ્રશંસા ચારે તરફથતી સંભળાય છે. લક્ષ્મી અને પાર્વતી જેવી તો ત્યાં દાસીઓ છે તો પછી ઈંદ્રાણી અને બીજી દેવાંગનાઓની તો વાત ક્યાં કરવાની રહી ? હવે એ યશોદા મહારાણીનો સુત જે કુંવર કાન્હ છે તેનું રૂપ તું જોઈને આવી છું.

*दोहा- तिय हिय दर्पण तनुरुई, रही हुती पुटपाग ।*

*प्रीतम रविकी किरण लग, जागपरी तरआग ॥*

આ ત્રિયનું હૃદય દર્પણ જેવું છે અને તેનું શરીર રૂ જેવું નરમ છે એની વચ્ચે કાંઈક સંપુટમાં પ્રેમાગ્નિ હતો જ પરંતુ જ્યારે પ્રીતમરૂપી સૂર્યનાં કિરણનો સ્પર્શ થયો કે તુરત તેમાંથી આગ પ્રકટી નીકળી.

*चोपाई- निरविकारतिय जिय में अपने ।*
*उपज्यो भाव सुभावहि स्वृपने ॥*
*प्रथमहि पियसों प्रेम जु आही ।*
*कविजन भाव कहतहें ताही ॥*

આ નિર્વિકાર ત્રિયના હૃદયના ઈંદુમતીની વાત સાંભળતાં ભાવ ઉત્પન્ન થયો અને સ્વપ્નમાં જોયેલા હકીકત પર વિશ્વાસ આવ્યો અને સુંદર રસિક ભાવ પ્રકટ થયો. પ્રથમ શરૂઆતમાં જે પ્રીતમ પર પ્રેમ આવે એને કવિજનો ભાવ શબ્દ કહે છે.

*रूपमंजरी तियको हियो ।*
*गिरिधर अपनो आलय कियो ॥*
*इंदुमती तहां अतिअनुरागी ।*
*ताहीमेंप्रभु पूजन लागी ॥*
*जहां जहां जो कछु उतम पावे ।*
*सो सब आन के ताहि चढावे ॥*
*बानबनावे पान खवावे ।*
*मंद हिलोर हिंडोर झुलावे ॥*

રૂપમંજરી ત્રિયના હૃદયને અતિ શુદ્ધ તેમજ પવિત્ર અને પ્રેમવાળું જોઈ શ્રી ગિરિધર ભગવાને પોતાને વસવાનું મંદિર માન્યું. ઈંદુમતીએ એ હૃદયમાં ભગવાનનાં દર્શન કર્યા. એટલે એને અતિ અનુરાગ આવ્યો અને રૂપમંજરીના હૃદયમાં રહેલ પ્રભુને ત્યાં જ પૂજવા લાગી અને જ્યાં જ્યાં જે કોઈ ઉત્તમ વસ્તુ મળે તે સર્વ લાવીને રૂપમંજરીના હૃદયમાં રહેલ પ્રભુને અર્પણ કરે. વળી રૂપમંજરીને સુંદર શૃંગાર કરે. પાન ખવરાવે અને હીંડોળા પર પધરાવી મંદ મંદ

*ाग, जागपरी तरआग ॥*

જેવું છે અને તેનું શરીર રૂ જેવું નરમ
ાં પ્રેમાગ્નિ હતો જ પરંતુ જ્યારે
ર્ં થયો કે તુરત તેમાંથી આગ પ્રકટી

*जिय में अपने ।*
*स्वृपने ॥*
*आही ।*
*ताही ॥*

હૃદયના ઇંદુમતીની વાત સાંભળતાં
જોયેલા હકીકત પર વિશ્વાસ આવ્યો
યો. પ્રથમ શરૂઆતમાં જે પ્રીતમ પર
શબ્દ કહે છે.

*।*
*किये ॥*
*ी ।*
*॥*
*म पावे ।*
*चढावे ॥*
*।*
*ावे ॥*

યને અતિ શુદ્ધ તેમજ પવિત્ર અને
ાવાને પોતાને વસવાનું મંદિર માન્યું.
નનાં દર્શન કર્યાં. એટલે એને અતિ
રીના હૃદયમાં રહેલ પ્રભુને ત્યાં જ
કોઈ ઉત્તમ વસ્તુ મળે તે સર્વ લાવીને
ભુને અર્પણ કરે. વળી રૂપમંજરીને
અને હીંડોળા પર પધરાવી મંદ મંદ

ઝુલાવે. મતલબ કે પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન ઇંદુમતીને રૂપમંજરીમાં જ થયાં.

*छिन छिन भाव बढत चल्यो ऐसे ।*
*शरद द्विज शसि कला न जैसे ॥*
*भाव बढ्यो क्यों जानिये सोई ।*
*औरवस्तु को ठरो न होई ॥*
*भावते बहुर हाव छबिभई ।*
*सहचरी निरख बलैया लई ॥*

ક્ષણે ક્ષણે એવો ભાવ વધતો ચાલ્યો કે શરદના બીજના ચંદ્રની કળા જેમ દિવસે દિવસે વધે તેમ રૂપમંજરીનો ભાવ દિવસે દિવસે વધતો જાય છે. હવે ભાવ વધ્યો છે તેની પ્રતીતિ શું ? જ્યારે અન્ય વસ્તુની હૃદયમાં કોઈ જગ્યા જ ન હોય. ભાવ પછી હાવ આવે છે અને જ્યારે હાવ એની છબીમાં સહચરીએ જોયો ત્યારે એ પોતાની સખી રૂપમંજરીનાં બલૈયાં લેવા લાગી.

*हाव यर्था- रूप जोतिसी लटकत डोले ।*
*सबसो वचन मनोहर बोले ॥*
*अंगअंग प्रेम उमग अति सोहे ।*
*हे मछरी जराय जरि कोहे ॥*
*नयन वेन जब प्रकटे भाव ।*
*ताको सुकवि कहतहें हाव ॥*

રૂપના દીવડા જેવી આ બાલિકા લટક લટક કરતી ડોલે છે. તેમજ સર્વની સાથે મનોહર વચનો બોલે છે. એના અંગ પ્રત્યંગમાં અત્યંત પ્રેમનો ઉમંગ ભર્યો છે તેથી તે અતિ શોભે છે. આ શોભા આગળ સુવર્ણની છરી ઝવેરાત જેમાં જડેલા હોય તો પણ તે રૂપમંજરી જેવી શોભતી નથી હવે એના નેનમાં અને વાણીમાં ભાવ પ્રકટેલ છે તેને સુંદર કવિઓ હાવ શબ્દ કહે છે.

*हेलायथा- हावते बहुरि उपज्यो हेला ।*
*सखी कहे परम अमी रस रेला ॥*

वारवार कर दरपण धरे ।
कुं तल हार सवाश्यो करे ॥
अति श्रृंगार मग्न मन रहे ।
ताको कवि हेला छबि कहे ॥

હાવ પશ્ચાત હેલા ઊપજે છે. હેલા એટલે પરમ પ્રેમામૃત રસની રેલ. જેનામાં હેલા છે તે વારંવાર પોતાના કરમાં દર્પણ લે અને પોતાના હૃદય પર પહેરેલા હારો ઠીક ઠીક કર્યા કરે. અત્યંત શ્રૃંગાર કરવામાં તેનું મન મગ્ન રહે. એને કવિ પુરુષો હેલા નામથી સંબોધે છે.

रतीयथा - तापाछे उपजी रति नई ।
सखीन वार मणिमाला दई ॥
उचित सुधाम काम तो करे ।
जानेनहीं कवन अनुसरे ॥
भूख प्यास सबे मिट गई ।
खाय कछूं गुरु जनकी लई ॥
मनकी गति पियपे एकतारा ।
समुद्र मिली जैसे गंगकी धारा ॥
डमकदे नयन नीर भर आवे ।
पुन सुक जाय महाछबि पावे ॥

ત્યારબાદ રતિનો એમાં પ્રવેશ થયો. રતિ નામ રમણની અભિલાષા એને થઈ અને પોતાની સખી ઈંદુમતી પરરીઝીને એને મણિમાળા ન્યોછાવર કરી આપી. ઘરમાં જરૂર હોય તેટલાં કામ તો જો કે તે કરે છે પરંતુ એને ખબર નથી આ સર્વ કામો કોણ કરે છે. એની ભૂખ પ્યાસ સર્વ મટી ગઈ છે ફક્ત ગુરુજનને સારું લગાડવા સારું ન છૂટકે જરાક ખાય છે. તેના મનની ગતિ પ્રિયતમ તરફ એક તાર લાગી રહી છે. સમુદ્રમાં જેમ ગંગાજીની ધારા પ્રવેશે તેમ મનની ગતિ પ્રિયમાં પ્રવેશેલી છે. એકદમ ડૂસકું ખાઈ જાય છે. નેત્રમાં નીર

रे ।
करे ॥
रहे ।
कहे ॥

જે છે. હેલા એટલે પરમ પ્રેમામૃત
ારંવાર પોતાના કરમાં દર્પણ લે અને
ી ઠીક ઠીક કર્યા કરે. અત્યંત શ્રૃંગાર
. એને કવિ પુરુષો હેલા નામથી

जी रति नई ।
दई ॥
करे ।
॥
गई ।
लई ॥
तारा ।
ी धारा ॥
आवे ।
पावे ॥

ાં પ્રવેશ થયો. રતિ નામ રમણની
ાની સખી ઇંદુમતી પરરીઝીને એને
ી. ઘરમાં જરૂર હોય તેટલાં કામ તો
ર નથી આ સર્વ કામો કોણ કરે છે.
છે ફક્ત ગુરુજનને સારું લગાડવા
ેના મનની ગતિ પ્રિયતમ તરફ એક
મ ગંગાજીની ધારા પ્રવેશે તેમ મનની
ેમ ડૂસકું ખાઈ જાય છે. નેત્રમાં નીર

ભરાઈ આવે છે અને પછીકપોલ વગેરે અવયવ પર તે સુકાઈ જાય છે. અશ્રુ સુકાયા તેના ચિહ્ન અદ્‌ભુત શોભા આપે છે. મતલબ કે સુંદરતામાં વધારો કરે છે.

*पुलकं अगस्वर भंग जनावे ।*
*बीचबीच मुरझाई आवे ॥*
*तनक वात जो पियकी पावे ।*
*सोवरियां तपत व्हे आवे ॥*

તેના અંગની પુલકાવલી ખડી થઈ જાય છે. તે બોલવા જાય તો બોલી શકતી નથી. કારણ કે તેના સ્વરમાં ભંગ જણાય છે વળી વચ્ચે વચ્ચે મૂર્છા પણ આવી જાય છે અને કોઈ તેના પ્રિયની સહજ વાત કરેતો તે સાંભળતાં જ તેને જવર આવી જાય છે.

*दोहा- रूपमंजरी तियहिय, पियजलके इम आय ।*
*चंद्रकांत मणि मांझ जिम, परम चंदकी धाय ॥*

રૂપમંજરી તિયના હૃદયમાં પ્રિય એવી રીતે ઝલકી રહ્યા છે કે જેમ ચંદ્રકાન્ત મણિની અંદર ચંદ્રમાની ઝાંય પડે છે તેમ પ્રિયની ઝાંઈ આ મંજરીના હૃદયમાં પ્રત્યક્ષ દેખાય છે.

*चोपाई- प्रकट मिलनकों अति अरवरे ।*
*रहसि बैठ तिय जतनन करे ॥*
*दरपण ले उर आगे धरे ।*
*मत यहां झांई पियकी परे ॥*
*बालअर्क सम विरह जनावे ।*
*तियतन तनक तप्त व्हे आवे ॥*
*आनके ढिंग उसास नहीं लेई ।*
*मुंह मूंदे ते उत्तरदेई ॥*
*तपत उसासन जो कोई लहे ।*
*बाल विरह नीकी तब कहे ॥*

હવે બાલિકાને પિયના પ્રકટ મિલનની અતિ ચચપટી લાગી

છે. એકાંતમાં બેસીને ઘણાં પ્રકારના પિયને મળવાના પ્રયત્નો કર્યા કરે છે. કોઈ વખત દર્પણ લઈને હૃદયની આગળધરે છે. અને એવું એવું ઈચ્છે છે કે અહીં પ્રિયની ઝાંય ન પડે. ઊગતો સૂર્યનામ બાલઅર્ક એટલે એમાં ઓછો તાપ જણાય. એવો વિરહ એ જણાવે છે અને આ તિયના તનમાં સહજ તપત નામ વિરહ જ્વર આવી જાય છે. તેમજ થોડી ઉષ્મા પણ જણાય છે મતલબ કે કોઈ જાણી ન જાય એ ખાતર એ વધુ વિપ્રયોગ બહાર પ્રકટ કરતી નથી જો કે ભીતર તો વિરહાગ્નિનો પૂંજ ભરેલ છે. અર્થાત્ ગૂઢતાથી સર્વ દુઃખ સહન કરે છે અરે બીજાની આગળ ઉષ્ણ શ્વાસ પણ લેતી નથી અને કોઈ પૂછે તો મોઢું બંધ કરીને ઉત્તર દે છે. આ પ્રમાણે તપ્ત શ્વાસ જેનામાં જોવામાં આવે અને કવિઓ બાળવિરહિની કહે છે.

*जोकोऊ कमल फूल पकरावे ।*
*हाथन छुवे निकट धरवावे ॥*
*अपने कर जु विरह ज्वर ताते ।*
*मति मुरझाय डरतजिय याते ॥*
*सहचरी मनमें करे विचारा ।*
*कहाकीजे अब हो करतारा ॥*
*यहअब प्रकट पि यको चहे ।*
*निगमरि अगम सुनिकटहि अहे ॥*

હવે આ સખીને કોઈ હાથમાં કમળનું પુષ્પ પકડાવે તો તે હાથથી એનો સ્પર્શ ન કરે પરંતુ એને નજીકમાં ધરાવે. કારણ કે એના હાથમાં વિરહ જ્વર છે એટલે જો હાથનો સ્પર્શ થાય તોકમળ પુષ્પ ચીમળાઈ જાય. એનો એના હૃદયને ડર છે. હવે સહચરી મનમાં વિચાર કરે છે કે હે કીરતાર હવે શું કરવું આ તો હવે પ્રકટ પ્રિયતમને ચાહે છે. વેદને પણ જે અગમ્ય છે એવા પરબ્રહ્મને આ પોતાની નિકટ રહે એમ ઈચ્છે છે. કેટલો સુંદરતમ ભાવ રૂપમંજરીનો અને કેટલી સુંદરતમ લાગણી ઈંદુમતિની. આનુ નામ મૈત્રી અને આનુ

ા પિયને મળવાના પ્રયત્નો કર્યા કરે
ની આગળધરે છે. અને એવું એવું
ન પડે. ઊગતો સૂર્યનામ બાલઅર્ક
એવો વિરહ એ જણાવે છે અને આ
વિરહ જ્વર આવી જાય છે. તેમજ
બ કે કોઈ જાણી ન જાય એ ખાતર
કરતી નથી જો કે ભીતર તો
ત્ ગૂઢતાથી સર્વ દુઃખ સહન કરે છે
પણ લેતી નથી અને કોઈ પૂછે તો
પ્રમાણે તપ્ત શ્વાસ જેનામાં જોવામાં
કહે છે.

*करावे ।*
*वे ॥*
*र ताते ।*
*याते ॥*
*रा ।*
*रा ॥*
*चहे ।*
*हे अहे ॥*

ાથમાં કમળનું પુષ્પ પકડાવે તો તે
એને નજીકમાં ધરાવે. કારણ કે એના
ે હાથનો સ્પર્શ થાય તોકમળ પુષ્પ
યને ડર છે. હવે સહચરી મનમાં
હવે શું કરવું આ તો હવે પ્રકટ
જે અગમ્ય છે એવા પરબ્રહ્મને આ
. કેટલો સુંદરતમ ભાવ રૂપમંજરીનો
મતિની. આનુ નામ મૈત્રી અને આનુ

નામ સત્સંગ. પુષ્ટિમાર્ગમાં આવા પ્રકારના સત્સંગની અતિવ આવશ્યકતા છે. એમ ભાર મૂકી મૂકીને આચાર્યોએ કહ્યું છે આવો સત્સંગ અતિ દુર્લભ છે એમ ચોક્કસ સમજવું.

*दोहा :- मनमन बूझे सहचरी, सूझे नहिं कछुओर ।*
*उडतनावके विहंग ज्यो, फिरआवे तिहिठोर ॥*

આ સહચરી મનમાં ને મનમાં વિચારણા કર્યા કરે છે પરંતુ એને કાંઈ સુઝ પડતી નથી. કેવી રીતે કે નાવ પર એક પક્ષી બેઠું હોય અને તે નાવ સમુદ્રની મધ્ય ધારામાં હોય તે પક્ષી ઊડીને બીજે જવા જરૂર ચહાય છે. પરંતુ થાકીને પાછું નાવ પરજ આવે છે તેમજ ઈંદુમતી પણ ત્યાંની ત્યાં જ વિચારણામાં રહે છે. આગળ વધી શકતી નથી.

*चोपाईः- ऐसेही पावसऋतु आई ।*
*सहचरी निरख महाभयपाई ॥*
*धूंधर दिशिन देख भयबढि ।*
*मेन सेन खुर रेणुसी चढी ॥*

આ પ્રમાણે કરતાં કરતાં પાવસ ઋતુ નામ વર્ષા ઋતુ આવી અને તે ઋતુને જોઈ સહચરી બહુ ભય પામી. દિશાઓ બધી ધૂંધળી થઈ ગઈ છે અને જાણે કે કામદેવ પોતાનું ઘોડેશ્વાર સૈન્ય લઈને આવતો હોય તેમજ અશ્વની ખરીના પડઘાને લઈ એની ખુરરેણું આકાશમાં ઊડતી હોય અને તેને લઈ દિશાઓ બધી ધૂંધળી થઈ હોય એમ લાગે છે અને તેથી સખી ઈંદુમતી અથિ ભય પામે છે.

*आगम गहरीगाजन सुनी ।*
*जनुं कंदर में केहरधुनी ॥*
*सखी अंकमें दुरगई ऐसी ।*
*मृगी अंक मृगछेनी जैसी ।*

હવે શરૂઆત વર્ષાની આગમ એટલે એની ગહેરી ગર્જના સંભળાય છે. એ ગર્જના એવી છે કે જાણે સિંહ એની કંદરામાંથી

સિંહનાદ નામ ગર્જના કરતા હોય તેવી. આ જોઇ રૂપમંજરીને બીક લાગી. એટલે એકદમ સખીના અંકમાં નામ ખોળામાં તે છુપાઈ ગઈ. જેમ મૃગલીનું બચ્ચુ હોય તે જ્યારે ભય પામે ત્યારે મૃગલીના અંકમાં ઘુસી જાય. તદ્વત્ આ રૂપમંજરીની હાલની અવસ્થા છે.

*उमगे बादर कारेकारे ।*
*वडरे बहुर भयानक भारे ॥*
*घुमडन मिलने दखे डरआवे ।*
*मन्मथ मानो हाथी लरावे ॥*
*पवनमहावत लेले धावे ।*
*अंकुशछ्टनसों भय उपजावे ॥*
*भामिनी भाग भवन दुरजाई ।*
*घरमें तनकजुं पियअनुहारी ॥*
*तिहिं लालच देखेंवरनारी ॥*

હવે કાળા કાળા મોટા મોટા બહુ ભયાનક લાગે એવા વાદળોના થરના થર ઉમડી આવ્યા છે નામ ઊભરાઈ નીકળ્યા છે અને વળી તે વાદળો આકાશમાં ઘૂમે છે તેમજ એક બીજાને મળે છે. એ જોઈને મનમાં એમ આવે છે કે જાણે કામદેવ હાથીઓને લડાવે છે અને તેથી તેનો દેખાવ ભયાવહ જણાય છે. આ હસ્તીરૂપી વાદળાને પવનરૂપી મહાવત હંકારે છે અને હાથીઓને લઈ તે દોડે છે. નામ હાથીને દોડાવે છે અને મહાવત તેને અંકુશ મારે છે. કેટલીએક વખત અંકુશથી લોહીનાં બિંદુઓ હાથી પરથી ટપકે છે. તેવી જ રીતે આ વાદળરૂપી હસ્તીયોમાંથી મહાવતના અંકુશના પ્રહારે વર્ષાના છાંટા પૃથ્વી પર પડે છે પરંતુ વિરહિનીને તો તે છાંટા તવા પર બુંદ જેવા છે. એટલે તે ભય પામે છે. પછી આ ભામિની એકદમ ભાગીને પોતાના ભુવનમાં દુર જઈ છુપાય છે અને કહે છે કે હે સહચરી આ ગિરિ પર જો તો. કોઈ કુંજર નામ મહાન હસ્તી છે. હવે ઘનનો વર્ણ સાંવલ છે એટલે એ કોઈક પ્રિયની અનુહાર જેવો છે એટલે પ્રિયની

ય તેવી. આ જોઈ રૂપમંજરીને બીક
ંકમાં નામ ખોળામાં તે છુપાઈ ગઈ.
ારે ભય પામે ત્યારે મૃગલીના અંકમાં
ીની હાલની અવસ્થા છે.

*रे ॥*
*आवे ।*
*वे ॥*
*।*
*जावे ॥*
*जाई ।*
*री ॥*
*ी ॥*

મોટા બહુ ભયાનક લાગે એવા
ાવ્યા છે નામ ઊભરાઈ નીકળ્યા છે
ઘૂમે છે તેમજ એક બીજાને મળે છે.
કે જાણે કામદેવ હાથીઓને લડાવે છે
જણાય છે. આ હસ્તીરૂપી વાદળાને
ને હાથીઓને લઈ તે દોડે છે. નામ
તેને અંકુશ મારે છે. કેટલીએક વખત
ી પરથી ટપકે છે. તેવી જ રીતે આ
તના અંકુશના પ્રહારે વર્ષાના છાંટા
ીને તો તે છાંટા તવા પર બુંદ જેવા
પછી આ ભામિની એકદમ ભાગીને
ય છે અને કહે છે કે હે સહચરી આ
મ મહાન હસ્તી છે. હવે ઘનનો વર્ણ
ની અનુહાર જેવો છે એટલે પ્રિયની

---

લાલચથી આ વરને પ્રસન્ન કરવાવાળી ત્રિયા એ ધનના સામું થોડુંક જુએ છે.

*बगनकी माला नयन विशाला ।*
*मानत पियउर पंकजमाला ॥*
*दामिनी दमकदेख दृगनावे ।*
*पिय पटपात छोर सुध आवे ॥*

બગલાઓની પંક્તિ આકાશમાં ઊડે છે. તે પંક્તિ બબે હોય છે અને એની આકૃતિ માળા જેવી હોય છે અને તે બગ પંક્તિ જાણે કે આકાશમાં રહેલ વાદળાંને સ્પર્શતી જણાય છે. એ જાણે કે હાથીના વિશાલ નયનો હોય એમ લાગે છે અને બીજી રીતે જોવાથી પોતાના ઘન સાંવળ પિયને સફેદ કમળની માળા પહેરાવી હોય એમ લાગે છે. હવે ઘન મંડળમાં દામિની નામ વીજળીની ચમક જોઈ દ્રગ નમી જાય છે નામ મીંચાઈ જાય છે અને પોતાના પ્રિયતમે પીત પીતાંબર પહેર્યું છે એની શુદ્ધિ વીજળી જોઈ આવે છે. તેમજ તેનો છેડો પવનથી હલે છે તે જોઈને બરોબર લબકઝબક વીજળીની ખરી શુદ્ધિ આવે છે.

*दिनतो यह अवलंब बोरावे ।*
*रेनमें रवन महादुःख पावे ॥*
*घनहर घोरे पवन झकोरे ।*
*दादुर झींगर कानन फोरे ॥*

દિન તો આ પ્રમાણે અવલંબનો નામ સહારો લઈને વ્યતિત કરે પરંતુ રાત્રીમાં રમણની અભિલાષાવાળી ત્રિયા મહાદુખ પામે છે. એક તો ઘન ઘોર ગર્જના કરે, પવન પણ ઘોર શબ્દ કરતો વાય નામ હિલોળા દે, વળી દેડકાં અને તમરાં કાન ફોડી નાખે એવા કર્કશ અવાજ કરે પછી બાલિકા અતિ દુઃખીત થાય એમાં કહેવું શું ?

*पटविजना तहां अधिक सतावे ।*
*छ्टनते उचट चिनग जिन आवे ॥*
*पुन तहां पापी पपैया दहे ।*

*तासों इंदुमती इम कहे ॥*
*अरे शकुन बिन अगनिदहेरे ।*
*वंचक रंचक चुपकर रहेरे ॥*
*मरत तृषा वरषा वरषेही ।*
*सोतो सठ पातक तोयएही ॥*

વસ્ત્રના પંખાથી હવા નાંખે તો ત્યાં અધિક સતાવણી લાગે અને મેઘ મંડળમાં છાંટા પડે તે જાણે કે અગ્નિની ચિનગારીઓ પડતી હોય એમ એને લાગે છે. વળી તે જ સમયે પાપી પપૈયો પિયુ પિયુ એમ બોલવા લાગ્યો. તેને ઇંદુમતી આ પ્રમાણે કહે છે : પપૈયાને શકુન પક્ષી કહ્યું છે એટલે એ કહે છે કે અરે શકુન તું અગ્નિ વગર શા માટે મારી સખીને બાળે છે. હે ઠગ હવે તું રંચક ચૂપ કરીજા અર્થાત્ બોલવું બંધ કર. વરસાદ વરસે છતાં કોઇ તૃષથી મારી જાય એનું જે પાપ લાગે તે હે શઠ તું જો બોલીશ તો તને લાગશે.

*कुंवरि कहे सखी को यह आहि ।*
*पियपियि बोलत बरजंत नाहिं ।*
*सखी कहे बल एकपंछी रहे ।*
*भाषा यहजु पियपिय कहे ॥*
*एपर याको नेम सुनीजे ।*
*लाडिली लाग अचरज गहीजे ॥८*
*जब कबहूं घन स्वाति नवरसे ।*
*तो जरजाय चंचु जल परसे ।ष।*

કુંવરી કહે છે કે હે સખી આ કોણ છે. પિય પિય એમ બોલે છે છતાં તું એને ખીજતી નથી. સખી કહે : પહેલાં તો તને હું બલબલ થઉ છું પરંતુ વાત એમ છે કે એક એવું પક્ષી આ વનમાં રહે છે અને તેની એવી ભાષા છે કે તે પિય પિય એમ બોલે છે પરંતુ આ પક્ષી કેવું નિમધારી છે એ હું તને સંભળવું છું. લાડીલી એ સાંભળતાં તને નવાઇ ભર્યું લાગશે. આ પક્ષી સ્વાતિબુંદથી જ પોતાની તૃષા છિપાવે છે. પંરતુ એવો કોઇ યોગ આવે અને સ્વાતિ વરસે જ નહીં અને બીજા

॥
दहेरे ।
हेरे ॥
ो ।
ग्ही ॥

ાંખે તો ત્યાં અધિક સતાવણી લાગે
જાણે કે અગ્નિની ચિનગારીઓ પડતી
તે જ સમયે પાપી પપૈયો પિયુ પિયુ
મતી આ પ્રમાણે કહે છે : પપૈયાને
હે છે કે અરે શકુન તું અગ્નિ વગર
. હે ઠગ હવે તું રંચક ચૂપ કરીજા
. વરસે છતાં કોઈ તૃષથી મારી જાય
જો બોલીશ તો તને લાગશે.

यह आहि ।
 नाहिं ।
ी रहे ।
कहे ॥
 ।
गहीजे ॥८
नवरसे ।
परसे ।ष।

ી આ કોણ છે. પિય પિય એમ બોલે
ાખી કહે : પહેલાં તો તને હું બલબલ
ક એવું પક્ષી આ વનમાં રહે છે અને
પિય એમ બોલે છે પરંતુ આ પક્ષી કેવું
ાવું છું. લાડીલી એ સાંભળતાં તને
વાતિબુંદથી જ પોતાની તૃષા છિપાવે
અને સ્વાતિ વરસે જ નહીં અને બીજા

જળથી એની ચાંચને સ્પર્શ થઈ જાય તો તે તુરત બળી જાય છે. આવી સુંદર એની આસક્તિ સ્વાતિ પર છે.

*दोहा :- प्रेमएक एकचित्तसों, एकहि संग समाय ।*
*गांधीको सोदा नहीं, जनजन हाथ बिकाय ॥*

પ્રેમ વસ્તુ એક જ છે અને તે એક ચિત્તથી જ સાધી શકાય છે. અને તે એકના સંગમાં જ હોવો જોઈએ. પ્રેમ એ કાંઈ ગાંધીની દુકાનનો સોદો નથી કે જ્યાં ત્યાં વેચાય. માટે પ્રેમી તો એક જ હોવો જોઈએ વિભક્ત પ્રેમ વ્યભિચારી પ્રેમ ગણાય. જે પ્રેમના ભાગ હોઈ શકે નહીં. સંપૂર્ણ પ્રેમ એક જ વ્યક્તિમાં હોવો જોઈએ.

*चोपाई- कुंपरि कहे कहुं सांचहे अली ।*
*किधोंसुपनकी सुपनहि मिली ॥*

કુંવરી કહે છે કે હે સખી તું જે મળવાની વાત કરે છે તેમાં કંઈ સાચ છે ખરૂં કે પછી સ્વપ્રની વાત સ્વપ્રમાં જ રહી.

*सखी कहे वरषा ऋतु बीते ।*
*तबहों आन मिलाउं मीते ॥*

સખી કુંવરી કહેછે કે આ વર્ષા ઋતુ વીતી જાય તોહું તુરત તને મારા મિત્રનો મિલાપ કરાવી દઈશ. હું સાચું કહું છું.

*अबनिश दिन जल वर्ष्योंकरे ।*
*ऊंच नीच कछु समझन परे ।*
*वाट घाट त्रण छादित ऐसे ।*
*अभ्यास विना बल विधा जैसे ॥*
*अब बल जांउ कहे सब कोइ ।*
*धीर धीर सब कछु होई ॥*

હે કુંવરી તું જો. હાલ તો દિવસ અને રાત એકધારી વર્ષા થાય છે. ચારે તરફ જલભર્યા છે આમાં ખાડા ટેકરાની પણ સમજ ન પડે. વળી દરેક રસ્તાઓ તેમજ ઘાટો તૃણ નામ ઘાસથી ઢંકાઈ ગયેલા છે. જેવી રીતે અભ્યાસ વગરનું બળ અને વિદ્યા નકામી છે તેમજ

અભ્યાસ વગર આ રસ્તે પ્રિયના નગરમાં જવું નાકમું છે. હે કુંવરી લોક બધા એમ કહે છે કે ધીરે ધીરે સર્વ કાંઇ સારું થશે માટે તારે ધીરજ ધરવી જોઇએ.

*कवन भांत घन धीरज धरे ।*
*दावाग्नि जिम अंतर बरे ॥*
*सबनिशि प्राण निहोरत बीते ।*
*कहाजाने दुख या दुख हीते ॥*

આ ઘન આ વર્ષા હવે કેવી રીતે શાંત થાય. જેમ અંતરમાંનો દાવાગ્નિ અંતર બાળ્યા કરે તેમ આ ઘન પણ એ જ પ્રમાણે વર્તે છે. હવે ધીરજ શી રીતે ધરવી. આખી રાત્રી આ પ્રમાણે પ્રાણનાથ પ્રભુની પ્રતીક્ષા કરતાં વીતી. આ પ્રમાણે જે પ્રિયના મિલન વગરના દુઃખ ભોગવી રહેલ દુઃખીઓ છે એનું દુઃખ બીજા કોણ જાણે ?

*राज कुंवरि जब अतिदुख पावे ।*
*सहचरी लेतब बिन बजावे ॥*

રાજકુંવરી જ્યારે અતિ દુઃખીત દેખાય ત્યારે સહચરી બીન લઈને તે બજાવે છે પરંતુ આ અવસ્થામાં બીન દુઃખશામક નથી; એ તો ઊલટું દુઃખ ઉત્પન્ન કરે છે.

*पानीहोय तो जाय बुझाई ।*
*गीसी चिक नि आगमन सिराई ॥*

બહારનો અગ્નિ હોય તો પાણીથી તે બુઝાય પરંતુચીકણી અગ્નિ હોય એટલે કે હૃદયની અગ્નિ હોય તો આ પાણી તેને શી રીતે બુઝાવી શકે. પાણી તો તેના પર થઈ દડી જાય.

*पियमूरत जुआन उरजरे ।*
*कामनी कलमल करे ॥*

હવે આ અગ્નિને શાંત કરવાજો પ્રિયની મૂર્તિ ચિંતવન કરી હૃદયમાં લાવે તે ઉલટું વધારે કચવાટ થાય છે. કામિની ઊલટી વધુ

ા નગરમાં જવું નાકમું છે. હે કુંવરી
ધીરે સર્વ કાંઇ સારું થશે માટે તારે

*धरे ।*
*॥*
*बीते ।*
*हीते ॥*

વી રીતે શાંત થાય. જેમ અંતરમાંનો
આ ઘન પણ એ જ પ્રમાણે વર્તે છે.
ી રાત્રી આ પ્રમાણે પ્રાણનાથ પ્રભુની
ે જે પ્રિયના મિલન વગરના દુઃખ
, દુઃખ બીજા કોણ જાણે ?

*ख पावे ।*
*ावे ॥*

દુઃખીત દેખાય ત્યારે સહચરી બીન
વસ્થામાં બીન દુઃખશામક નથી; એ

*ई ।*
*सिराई ॥*

ો પાણીથી તે બુઝાય પરંતુચીકણી
ગ્નિ હોય તો આ પાણી તેને શી રીતે
થઈ દડી જાય.

*।*
*,*

કરવાજો પ્રિયની મૂર્તિ ચિંતવન કરી
વાટ થાય છે. કામિની ઊલટી વધુ

વલોપાત કરે છે.

*दोहाः- सूधीजी कछु उर गढे, सो काढे दुख होय ।*
*ललित त्रिभंगी जहां गढे, सोदुख जाने सोय ।*

એક સીધો કાંટો શરીરમાં કોઈ ઠેકાણે ગયો હોય તો પણ તે કાઢે દુઃખ થાય છે તો આ તો લલિત ત્રિભાંગી, ત્રણ ઠેકાણેથી વાંકો જો હૃદયમાં ગરે તો એ દુઃખ તો જેને પજવતું હોય તેજ એ વેદના જાણે.

*चौपाईः- जबही शरद ऋतुआई जानी ।*
*कुंवरि सहचरी तन मुसकानी ॥*
*सखीकहे बलमें पढए चारा ।*
*आजकाल अयेहैं समा चारा ॥*

સખી કહે છે કે સહચરી હવે તો શરદઋતુ આવી અને પછી કુંવરી સહચરીને જોઇ મુસકાની. મતલબ કે વાયદો યાદ આપ્યો. ચતુર સખી સમજી ગઇ અને બોલી કે મે દૂતો રવાના કર્યા છે. આજકાલ એ સમાચાર આવી જશે.

*कुंवरिकहे सु कवन दिश अहे ।*
*जहां वह सांवरो प्रीतम रहे ॥*
*जोदिश हाथके सखिन बताई ।*
*सो दिश जीवन मूरसी पाई ॥*

કુંવરી કહે છે કે જ્યાં એ સાંવરો પ્રીતમ રહે છે એ કઇ દિશા છે. પછી સખીએ હાથવતી એ દિશા બતાવી પછી કુંવરી તે દિશાને જ પોતાનું જીવન જાણળા લાગી અને આખો દિવસ તે બાજુ જ જોવા લાગી.

*पंकज रचि रचि पंख बनावे ।*
*उडन लगे सो क्यो उडआवे ॥*
*मनसो कहे कुटिल तू आही ।*
*इकलोई उड पियपे जाई ॥*

કમળની પંખુરીઓ લઈ લઈને એની પાંખ બનાવે છે અને પછી ઊડવા જાય છે. પરંતુ ઉડાય શી રીતે. વળી મનને કહે છે કે તું કુટિલ છું તું એકલું જ ઊડીને પિય પાસે પહોંચી જાય છે. મન સાથે લઈ જતું નથી. આ પ્રમાણે વિરહતરંગોમાં મસ્ત બાલિકા દરેકને ઉપાલંભ આપે છે. આ ઉપાલંભમાં અનેર રસરીતો ભરી છે.

*रंचक नयनन हूं संगलेरे ।*
*मोहनमुख देख आवन देरे*
*सांवरेपियहि सुमिर वरबाला ।*
*भरहि उसास दुसास बिशाला ॥*
*ते उसास अस अग्निकीउखी ।*
*कुंवरिकी देबी ज्वालामुखी ॥*

હે મન તું જરાથોડા વખત માટે નયનને સંગમાં લઈ જા તો એ મોહનનું મુખ જોઈને અહીં આવે. આ પ્રમાણે શ્યામસુંદર પ્રિયનું સ્મરણ કરતી આ વરબાળા ઉષ્ણશ્વાસ તેમજ નિસાસા વિશાળતાથી એટલે મોટાપણાથી લઈ રહી છે તે ઉસાસ એટલે જાણે કે અગ્નિની વેદી. કુંવરીના મુખમાંથી શ્વાસ દ્વારા અગ્નિ પ્રકટે છે એટલે એ કુંવરી જ્વાલામુખી દેવી જેવી ગણાય છે.

*अंजन बिन देख नयन सुहाये ।*
*खंजन दुरे कहांतेआये ॥*
*देख कुंवरि को वदन उदासा ।*
*इंदु मुदित व्हे उदित अकासा ॥*

અંજન આંજ્યા વિના જ આ કુંવરીનાં નયન સોહામણાં છે. ખંજન પક્ષી તો દૂર છે પંરતુ આ કુંવરીના નેન રૂપ રસ માતા છે એટલે કે જાણે ખંજન તેના નેનમાં છે. આ કુંવરીનું ઉદાસ વદન જોઈને ચંદ્રમાં હર્ષાયમાન થઈ આકાશમાં ઉદિત થયો છે.

दोहा- *निरख मलिन मुख नलिन, फूले सब एकसार ।*
*वैरी चीत्यो जगनमें, तू जिन कर करतार ॥*

લઈને એની પાંખ બનાવે છે અને
ય શી રીતે. વળી મનને કહે છે કે તું
પેય પાસે પહોંચી જાય છે. મન સાથે
ારહતરંગોમાં મસ્ત બાલિકા દરેકને
મમાં અનેર રસરીતો ભરી છે.

*रे ।*
*दरे*
*ाला ।*
*शाला ॥*
*ोउखी ।*
*ुखी ॥*

ત માટે નયનને સંગમાં લઈ જા તો
આવે. આ પ્રમાણે શ્યામસુંદર પ્રિયનું
ણશ્વાસ તેમજ નિસાસા વિશાળતાથી
) તે ઉસાસ એટલે જાણે કે અગ્નિની
દ્વારા અગ્નિ પ્રકટે છે એટલે એ કુંવરી
છે.

*सुहाये ।*
*॥*
*उदासा ।*
*कासा ॥*

૪ આ કુંવરીનાં નયન સોહામણાં છે.
આ કુંવરીના નેન રૂપ રસ માતા છે
નમાં છે. આ કુંવરીનું ઉદાસ વદન
આકાશમાં ઉદિત થયો છે.

*ुख नलिन, फूले सब एकसार ।*
*् जिन कर करतार ॥*

આ રૂપમંજરીનું કમળ સદેશમુખ મલિન જોઈને સર્વ કમળો એકદમ એકી સાથે પ્રફુલ્લિત થયા છે. હલ તો આખું જગત મારા પર વૈરનું જ ચિંત્વન કરે છે. હે કિરતાર તું ન કર એટલું ઓછું છે. જ તું અનુકૂળ હોય તો કોઈ મારી સ્પર્ધા કરે એવું નથી.

*चोपाई-द्वेज चंद देख भयभारी ।*
*उगे गगन जनुकाम कटारी ॥*
*टूटतारक अंगार बगावहि ।*
*काम भूत जनु मोहि छरावहि ॥*

બીજનો ચંદ્રમાં જોઈ કુંવરીને ભારી ભય લાગ્યો. તેને આકાશમાં ઉગેલ જોયો એટલે એને તોએ કામદેવની કટારી જ માનવા લાગી. વળી નભમંડળમાંથી જે તારાઓ ખંરે એ તો જાણે આકાશમાંથી એના પર કામદેવ અંગાર વરસાવતો હોય એવું એને લાગે છે. અને કામભૂત જાણે કે એને ડરાવતું હોય એમ દેખાય છે અર્થાત્ કામભૂત કુંવરીને ડરાવે છે.

*पुन पूरण शसि को देख डरी ।*
*आवत मेन लिये जनुछरी ॥*
*कवन समय आयो यह सजनी ।*
*इंदु अनल वरपे साबरजनी ॥*

આ પ્રમાણે પછી પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર નભમાં દેખાયો. તે દેખીને કુંવરી ખૂબ ડરી એને એવું લાગ્યું કે જાણે કામદેવ છડી હાથમાં લઈ એની પાસે આવે છે. હે સખી આ કેવો સમય આવ્યો છે કે આખી રાત્રી ચંદ્રમાં અગ્નિની વર્ષા કરે છે.

*भली करे दोइन दिन माहीं ।*
*प्राण पियारे आवे ता हीं ॥*

ઈંદુમતી કહે છે કે જો આ દિવસોમાં પ્રાણ પ્યારો આવે તો સારું, નહિંતર કોણ જાણે શું એ ઉલ્કાપાત થશે.

*कुंवरि कहत सखियां ससि राडो ।*

*राहु राव क्यों गिलगिल छाडो ॥*

કુંવરી કહે છે કે હે સખી આ રાંડના શશીને શું કહેવું. એને શા માટે રાહુ જે રાવ છે તે ગળીગળીને કેમ છોડી દે છે. જો રાહુરાવુ એને ગળી ગયો હોત તો એ મને દુઃખ દેવા નભમંડળમાં ઊગત જ નહીં.

*सकी कहे राहु अमृत जब पियो ।*
*तेरेकं त खंड बिब कियो ॥*
*उदर नहि जामें यह पचे ।*
*निकस निकस विरही जन तचे ॥*

સખી રૂપમંજરીને કહે છે કે આ રાહુએ વેશ બદલી દેવોની સબામાં બેસી અમૃત પીધું હતું. પરંતુ આ ચંદ્રમાએ તારા કંથને કહી દીધું કે આ અસુર છે એમ ઈશારતથી કહ્યું એટલે તારા કંથે એનું મસ્તક કાપી નાખ્યું મતલબ કે એના બે ભાગ કરી નાખ્યાં. ત્યારથી આ રાહુ ને ચંદ્રમા સાથે વેર છે એટલે એ વારંવાર આવીને ચંદ્રમાને ગળી જાય છે. પરંતુ અને ઉદર નથી એટલે પચાવે શી રીતે ? એટલે એમાંથી વારંવાર નીકળી નીકળીને જે વિરહીજનો છે એને એ સતાવે છે. વિરહીજનો પર ચંદ્રમાને દ્વેષ એકારણથી છે કે વિરહી ભક્તો ભઘવાનને આકર્ષી પોતાની પાસે રાખી લે છે. એટલે ચંદ્રમાને છોડાવવા આપને પધારતાં વિલંબ થાય છે. એટલે એ કારણથી વિરહીજનો પર ચંદ્રને વેર છે.

*कुंवरि कहे दुख खंडन माहीं ।*
*जज्या आहि कित लेहि जराही ॥*

કુંવરી કહે છે કે દુઃખ તો વિયોગમાં જ છે. મતલબકે ખંડનમાંજ છે અને મારે તો અગ્નિવત દુઃખ ભોગવવાનું છે તો હવે એ અગ્નિ સાક્ષાત આવીને મને કેમ પ્રજાળી દેતો નથી ? એમ થાય તો હું આ દુઃખથી તો છૂટું.

*दोहाः- ले अरण पर धर मुकर, सुकर लोह घन लेय ।*

*छाडो ॥*

આ રાંડના શશીને શું કહેવું. એને
ગળીને કેમ છોડી દે છે. જો રાહુરાવુ
દુઃખ દેવા નભમંડળમાં ઊગત જ

*ब पियो ।*
*यो ॥*
*।*
*न तचे ॥*

કે આ રાહુએ વેશ બદલી દેવોની
પરંતુ આ ચંદ્રમાએ તારા કંથને કહી
ારતથી કહ્યું એટલે તારા કંથે એનું
ેના બે ભાગ કરી નાખ્યાં. ત્યારથી
એટલે એ વારંવાર આવીને ચંદ્રમાને
થી એટલે પચાવે શી રીતે ? એટલે
ે જે વિરહીજનો છે એને એ સતાવે
એકારણથી છે કે વિરહી ભક્તો
સે રાખી લે છે. એટલે ચંદ્રમાને
ંબ થાય છે. એટલે એ કારણથી

*माहीं ।*
*जराही ॥*

તો વિયોગમાં જ છે. મતલબકે
વત દુઃખ ભોગવવાનું છે તો હવે એ
પ્રજાળી દેતો નથી ? એમ થાય તો

*र मुकर, सुकर लोह घन लेय ।*

*जबही आन परे तहां, तबही तासिरदेय ॥*

ઈંદુમતી રૂપમંજરીને કહે છે કે કષ્ટ વગર સિદ્ધિ નથી. દાખલા તરીકે મણી સાચો હોય તેની પરીક્ષા ખાતર તેને પ્રથમ એરણ પર મૂકવો પડેછે અને પછી મજબૂત હાથથી લોહનો મોટો ઘણ એના પર પડે અને એ તૂટે નહીં ત્યારે એની ખરી તાસીર જણાય છે. એમ ઘણું ઘણું દુઃખ પડે તો પણ કાયર થઈ પ્રાણ ત્યજવાનો વિચાર ન કરવો એમ ઈંદુમતી માર્મિક રીતે રૂપ મંજરીને દષ્ટાંત દઈ સમજાવે છે.

*चोपाईः- इमइम करतहिं हिम ऋतु आई ।*
*तामें तरणि तरुण दुखदाई ॥*
*बडीबडी रेन तनकसे दिना ।*
*क्यों भरिये पिय प्यारे विना ।*
*जाढराड जब अलि तनु दहे ।*
*सांवरे उदरधर सोयो चहे ॥*
*नय नमूद निशि नींद न आवे ।*
*मतवह सुपन बहुरही आवे ॥*
*नींद न आवे तब कहे दई ।*
*नींद हुं मानो सोय गई ॥*

આ પ્રમાણે પ્રલપતા, વિલપતા પ્રતીક્ષા કરતાં હીમ ઋતુ આવી તેમાં આ તરુણી અતિ દુઃખદાઈ જણાય છે. કારણ કે મોટી મોટી રાત્રી અને નાના નાના દિવસો એ પિય પ્યારા વગર કેવી રીતે વ્યતિત થાય અને હીમ પડે એવીગાઢી ઠંડી. અલિનામ રૂપમંજરી કુંવરીનું તન ઠંડીથી દહન થઈ જાય એવા વખતે સાંવરાના ઉદર પર ઢળીને સૂવાની ઈચ્છા થાય પરંતુ એ નહીં એટલે દુઃખનું અતિશયપણું લાગે એમાં આશ્ચર્ય શું ? પછી વિચાર કરે કે ઊંઘ લઉં એટલે નેત્ર મીંચી દે, પરંતુ ઊંઘ ન આવે અને શીરજોરીથી ઊંઘવાનું કરે તો સાંવરો પિય સ્વપ્નમાં આવે એટલે ઊલટું વધુ દુઃખ થાય. હવે આ કુંવરીને નીંદ જ

આવતી ન થી એટલે એવું લાગે છે કે જાણે નીંદ જ સૂઈ ગઈ છે.

*अति शिशु योवन कैसे रहे ।*
*प्रीतम अधर दूध कों चहे ॥*

અત્યંત નાનું બાળક હોય તે માતાના સ્તનના દૂધને ચાહે તે દૂધ વગર ન રહી શકે. તેમજ જેનામાં યૌવન છે એવી આ કુંવરી પ્રીતમના અધર દૂધ વગર ન રહી શકે; મતલબ કે ન જ જીવી શકે.

*विलपत देख दया जब आवे ।*
*भर भर नयना नीर पिवावे ॥*

આ કુંવરીને આ પ્રમાણે બહુ વિલાપ કરતી જોઈને નયનને તેના પર દયા આવે છે એટલે પોતનાં નીર-ભરી ભરીને આ કુંવરીને પાય છે. આ સુંદર કુંવરીનું સર્વ અવયવો પણ રક્ષણ કરે છે.

*कबहूं मृगमद ले मृगनयनी ।*
*रहसि बैठ रच मूरति मयनी ॥*
*मीनकरेकर सायक धरे ।*
*पायन परपर बिनती करे॥*
*अहो अहो मेनदेव तुमबडे ।*
*जाके र शिवसे के गडे ॥*
*सोशरछांडत अबलन माहीं ।*
*पुरुषराव यह पौरुष नाहीं ॥*

કોઈ વખત આ મૃગનયની એકાંતમાં બેસીને કસ્તુરી લઈ કામદેવની મૂર્તિ બનાવે છે. પછી જેના હસ્તમાં મીનું ચિહ્ન છે એવા કામદેવની મૂર્તિને હાથમાં ધારણ કરે છે અને પછીપગમાં પડીને વિનંતી કરે છે. અહોહો મેનદેવ તમે તો બહુ મોટા છો. તમારાબાણથી મહાદેવજી જેવા પરાસ્તથયા તો પછી બીજાનું તો ગજું જ શું ? અને હવે તમે તમારું એવું ભારી બાણ અમ અબલાઓ પર છોડો તેમાં હે પુરુષરાવ તમારું પુરુષાતન ન ગણાય.

*दोहा- तियतन वितनु जु पंचशर, लगे पंचही बाट ।*

છે કે જાણે નીંદ જ સૂઇ ગઈ છે.

रहे ।
हे ॥

તે માતાના સ્તનના દૂધને ચાહે તે
જેનામાં યૌવન છે એવી આ કુંવરી
ી શકે; મતલબ કે ન જ જીવી શકે.

आवे ।
त्रावे ॥

બહુ વિલાપ કરતી જોઇને નયનને
તનાં નીર-ભરી ભરીને આ કુંવરીને
અવયવો પણ રક્ષણ કરે છે.

नी ।
यनी ॥
।
रे॥
हे ।
॥
हीं ।
हीं ॥

ની એકાંતમાં બેસીને કસ્તુરી લઇ
જેના હસ્તમાં મીનું ચિહ્ન છે એવા
કરે છે અને પછીપગમાં પડીને
મે તો બહુ મોટા છો. તમારાબાણથી
પછી બીજાનું તો ગજું જ શું ? અને
અમ અબલાઓ પર છોડો તેમાં હે
ણાય.

पंचशर, लगे पंचही बाट ।

*चुभत सांवरे पियविन, क्यों निकसे यहनाट ॥*

આ કુંવરના તન પર વિતનું નામ તન વગરનો એવો કામદેવ એક સાથે પાંચ બાજુથી પંચસરમારે છે. મતલબ કે પાંચે પ્રાણેન્દ્રિય વિહવળ બની જાય છે. એ બધાં બાણ સાંવરા પિયની ગેરહાજરીમાં આ કુંવરના શરીરમાં ખૂંચી જાય છે. વળી એ કેવા ટેઢાં છે કે તે કેમે કરી નીકળે નહિ. હાલ આ સ્થિતિ આ કુંવરની છે.

चोपाई- *हिमऋतु बीती सीत ऋत आई ।*
*भीत भई जस बाघतें गाई ॥*
*एकदिन तिय निज जियसों कहे ।*
*यह तुसार तूं क्योंहून रहे ॥*
*विधिसो पूत मित्र रवि ताको ।*
*जल सो जनक जगत यश जाको॥*
*सो अंबुज यह हिम ऋतु जारयो ।*
*इतनेमाझ न किनहूं उबारयो ॥*

હવે હિમઋતુ વીતી અને શીતઋતુ આવી. આમાં એવી બીક લાગી કે જેમ વાઘથી બીએ તેમ આ શીતઋતુ તેને વાગ જેવી લાગવા માંડી. એક દિવસ આ કુંવરી પોતાના હૃદયને કહે છે ઓ ઠંડી તું કેમ બંધથતી નથી. અરે જેનો પુત્ર બ્રહ્મા છે, વળી જેનો મિત્રસૂર્ય છે અને જલદેવ જેનો જનક છે અને જગત જેનો યશ ગાય છે એવું કમળ આ હિમઋતુએ હિમાગ્નિથી બાળી નાંખ્યુ. જો કે એને આટલા આટલા મોટાઓ સાથે નિકટનો સંબંધ હતો પરંતુ એટલામાંથી કોઇ એને ઉગારી ન શક્યું.

*तूको आहि हितू को तेरो ।*
*एक मित्र सो नाहिन नेरो ॥*
*पुन सहचरी को वचन उचारा ।*
*बोली मुग्धा सुधाकी धारा ॥*
*कहत केतू जे पावसवीते ।*

*तबहों आन मिलाऊं मीते ॥*
*पावस बीत शरदऋतु बीती ।*
*हिमऋतु बीती सीत समीती ॥*

હવે આ કુંવરી મનમાં પશ્ચાતાપ કરે છે અને મનથી જ પોતાને કહે છે તું કોણ અને વળી તારો હેતુ કોણ ! અરે એક મિત્ર છે તે પણ તારો નથી, તો પછી બાજાનો ઓરતો જ શું કરવો ? પછી હવે સહચરીને વચન સંભળાવે છે. આ તો મુગ્ધા છે એટલે સુધાશ્રવે એવા મિષ્ટ વચનો સહચરી પ્રત્યે બોલીઃ તું કહેતી હતી કે પાવસ ઋતુ વીતે એટલે મિત્રનો મિલાપ કરાવી દઈશ. પરંતુ પાવસ તો વીતી ગઈ. અરે શરદ ઋતુ પણ વીતી. હીમઋતુ, શીતઋતુ સૌ ગઈ પંરતુ હી સુધી કોઈ મિત્રને મળવાનું ઠેકાણું નથી. આ પ્રમાણે બને પછી ધીરજ ક્યાં સુધી રહે. વાસ્તવિક રીતે આ રૂપમંજરી હાલમાં અતિ ગભરાયેલી છે.

*अब वसंतऋतु आगम आयो ।*
*कापें जेहे जीव जिवायो ॥*
*वितनु वसंत सखा दोउ ऐसे ।*
*पावक पवन मिलेहोय जैसे ॥*

વસંતપંચમીએ કામદેવનો જન્મદિવસ છે તમજ વસંતઋતુનું આગમન છે. હવે આ ઋતુમાં કોનાથી જીવતું રહી શકાય. એક તો વિતનું એટલે તન વગરનો એવો કામદેવ અને બીજો તેનો સખા વસંત એ બેઉ એવા છે કે જેમ અગ્નિ અને પવન સાથે મળ્યા હોય તો તે મહા અનર્થ કરે તેમજ વિતનું અને વસંત વિરહિની નાયિકાને મહાન અનર્થ કરે છે.

*दोहा- अकथकथा मनमन व्यथा, तथा उठी तनजाग ।*
*किहिंविधि राखें क्योंरहे, रुईलपेटी आग ॥*

આ પ્રેમની અકથકથા છે તેમાં તો તનમાં તથા મનમાં વ્યથા જ ભરી છે. એ વ્યથાના પરિણામે તનમાં એક પ્રકારની આગ જાગી ઊઠી છે કેવી રીતે કે રૂઉમાં આગ લપેટેલી હોય તો પછી ભલેને ગમે તેવા

*ीते ॥*
*बीती ।*
*मीती ॥*

ં પશ્ચાતાપ કરે છે અને મનથી જ
ળી તારો હેતુ કોણ ! અરે એક મિત્ર
બાજાનો ઓરતો જ શું કરવો ? પછી
છે. આ તો મુગ્ધા છે એટલે સુધાશ્રવે
બોલીઃ તું કહેતી હતી કે પાવસ ઋતુ
વી દઈશ. પરંતુ પાવસ તો વીતી ગઈ.
ઋતુ, શીતઋતુ સૌ ગઈ પંરતુ હી સુધી
ી. આ પ્રમાણે બને પછી ધીરજ ક્યાં
પમંજરી હાલમાં અતિ ગભરાયેલી છે.

*आयो ।*
*ो ॥*
*ऐसे ।*
*जैसे ॥*

ો જન્મદિવસ છે તમજ વસંતઋતુનું
કોનાથી જીવતું રહી શકાય. એક તો
કામદેવ અને બીજો તેનો સખા વસંત
અને પવન સાથે મળ્યા હોય તો તે
ને વસંત વિરહિની નાયિકાને મહાન

*न व्यथा, तथा उठी तनजाग ।*
*रुईलपेटी आग ॥*

તેમાં તો તનમાં તથા મનમાં વ્યથા જ
નમાં એક પ્રકારની આગ જાગી ઊઠી
ટેલી હોય તો પછી ભલેને ગમે તેવા

કીમિયાથી એને રાખી હોય પરંતુ તે તવો અગ્નિ પ્રજવળે જ છૂટકો. આ સ્થિતિ રૂપમંજરીની છે.

*चोपाई- तबही लोगन होरी धरी ।*
*सुनतहि निपट सहचरी डरी ॥*
*चाचर देन लगे नरनारी ।*
*बाजत डफ अरु करतल तारी ॥*
*पटतारन यहरंग उपजायो ।*
*फागमानो यहपटिया आयो ॥*
*वनवन फूले फूलसुहाये ।*
*मानोसघळेलोग हसाये ॥*
*कुंवरिहि साथन बोलन जाई ।*
*होरी खेलन खेलें माई ॥*
*खेलनचली नव नवल किशोरी ।*
*होरीकहे धन्य होंहोरी ॥*

એ વખતે લોકોએ હોરી ધરી. આ સાંભળતાં જ સહચરી ખૂબ ડરી ગઈ. પછી સર્વ મળી ચાચર દેવા લાગી. ચાચર એક જાતનું પૂજન છે; વળી એક પ્રકારનું હોરીનું ગીત પણ છે. આંગણે એક જાતનું ચાચર એટલે કે જ્યાં જ્યાં હોરી થવાની હોય ત્યાં ત્યાં આવવા માટે એક જાતનું નોતરું આપે છે. વળી એક પ્રકારનું હોરીનું પ્રતીક તે ગણાય છે. તે વખતે નર તેમજ નારીઓ ડફ તેમજ કરતલથી તાલ બજાવવા લાગ્યાં. તારના પણ વાદ્ય રંગ ભરેલા રંગીત વસ્ત્રો. એમાં આ ખેલૈયા વૃંદોએ એવો રંગ જમાવ્યો કે જાણે મૂર્તિમાન ફાગ આ શેરીમાં ખેલ કરવા આવ્યો. વને વનમાં પ્રફુલ્લિત થએલ ફૂલ શોભી રહ્યા છે જાણે કે બધા લોક હસી રહ્યા છે. તે વખતે કુંવરીને પણ એની સહચરીઓ બોલાવવા આવી અને કહ્યું કે ચાલ આપણે હોરી ખેલીએ. તેમના સાથમાં આ નવલકિશોરી પ્રથમ જ ખેલમાં ચાલી. એને જોઈ હોરી મૂર્તિમંત થઈ બોલવા લાગી કે હું ધન્ય છું કે મારા ખેલમાં આ રૂપમંજરી આવી.

*रंगरंगरली चली संग अली ।*
*छबिसों छिरकत पुर कीगली ॥*

અનેક પ્રકારની રસિક લીલામાં રંગાએલી કુંવરી સખીના સંગમાં ચાલી અને પોતાના સૌન્દર્યની આભાથી પુરની બધી ગલીઓ એણે શોભાવી દીધી.

*कंठनहीरा आननबीरा ।*
*पायन बाजत मंजुमंजीरा ॥*
*छबिसों छूटें कनकपिचकारी ।*
*मानो मैन फूलझरी संवारी ॥*
*बाजहि स्वरमंडल डफ बीना ।*
*ताल पखावज आवज झीना ॥*

આ સર્વ સહચરીયોના કંઠમાં હીરાનાં આભૂષણો છે. દરેકના મુખમાં પાનનાં બીડાં છે અને પગમાં ઝાંઝરીયો ઘૂઘરીઓવાળી પહેરી છે તેમાંથી કોમળ મંજીર જેવા અવાજ આવે છે અને તેમની સૌંદર્યતા એવી છે કે જાણે સુવર્ણની પીચકારીઓ છૂટતી હોય એવો દેખાવ લાગે છે કે જાણે કામદેવ ફૂલની વર્ષા કરતો હોય તે વખતે સ્વરમંડલ, ડફ, બીના, ઝાંઝ પખાવજ આવજ વગેરેવાદ્યો મધુરસ્વરથી વાગવા લાગે છે.

*दोहा-रंगरंग छिरकें वसनवर, वदन वदत तबबात ।*
*जानो रतिव्याहन रहसि, आई वितनु बरात ॥*

દરેક અંગ અંગ તેમજ દરેક વસ્ત્રો તેમજ દરેકના મુખચંદ્ર રંગમાં રંગાઈ ગએલ છે, એ જોઈને લોક બધા એમ કહેવા લાગ્યા કે જાણે તનુ વગરનો કામદેવ છૂપી રીતે રતિને પરણવા જાન લઈને આવતો હોય એવી શોભા આપે છે. આજ પણ જાનમાં ગુલાલ છાંટવાની રીત હજુ પણ મૌજુદ છે.

*चौपाई- भरें परस्पर नर अरु नारी ।*
*ठाढी निरखे राजकुमारी ॥*
*कोछिरके कापें छिरकावे ।*

*ली ।*
*गली ॥*

ીલામાં રંગાએલી કુંવરી સખીના
ર્યની આભાથી પુરની બધી ગલીઓ

*॥*
*ारी ।*
*री ॥*
*बीना ।*
*ीना ॥*

કમાં હીરાનાં આભૂષણો છે. દરેકના
ામાં ઝાંઝરીયો ઘૂઘરીઓવાળી પહેરી
વાજ આવે છે અને તેમની સૌંદર્યતા
ીઓ છૂટતી હોય એવો દેખાવ લાગે
રતો હોય તે વખતે સ્વરમંડલ, ડફ,
ગેરેવાદ્યો મધુરસ્વરથી વાગવા લાગે

*वर, वदन वदत तबबात ।*
*आई वितनु बरात ॥*

દરેક વસ્ત્રો તેમજ દરેકના મુખચંદ્ર
ને લોક બધા એમ કહેવા લાગ્યા કે
 રીતે રતિને પરણવા જાન લઈને
ે છે. આજ પણ જાનમાં ગુલાલ
છે.

*अरु नारी ।*
*॥*
*।*

*पुरुष नकोऊ आंखतर आवे ॥*

નર અને નારીઓ પરસ્પર એક બીજાને રંગથી ભરી દે છે, આ રાજુકમારી ઊભી ઊભી જુએ છે, કોઈ રંગ છીરકે છે વસી કોઈની પાસેથી પોતે છીરકાય છે. આ મંડળમાં કોઈ પુરુષ આંખે આવતો નથી. સર્વ કિશોરીઓનાં વૃંદ છે.

*दिनमणि जगमगाय ढिंगजाके ।*
*दीपक कहा आंखतरताके ॥*
*नगरके लोग सवे बडे भागे ।*
*मिल व्रजलीला खेलन लागे ॥*
*तिनमें गिरिधर पिय अनुहारी ।*
*चकितभई तहां राजकुमारी ॥*
*माथे मोरके चँदवा सुने ।*
*कुंवरिके मनमें घुन जिम घुने ॥*
*मुरली पीत वसन जब गाये ।*
*चपरके चपलनयन भरआये ॥*
*सखीतन कुंवरी ताहिक्षण चहे ।*
*मनमनबूजे अरु इम कहे ॥*

દિનમણી સૂર્ય એનો ઝગમગાટ આ સુંદરીઓ પાસે ફીકો લાગે છે તો પછી દીપકો તો આંખ તરે આવે જ શાના. આ નગરના લોક બધા મહાભાગ્યશાળી છે કે આ બધા મળી જે આવી વૃજલીલા ખેલે છે. એમાં એક સખી ગિરિધર પ્રિયની અનુહારી સ્વાંગલઈને આવેલ છે તેને જોઈને આ રાજકુંવરી ચકિત થઈ ગઈ. એના માથે મયુરની ચંદ્રિકા ધરી છે. આ જોઈ કુંવરીના મનમાં સ્વપ્રમાં જોઈએ વાર્તાની ધૂન જાગી ઊઠી અને મનમાં એક પ્રકારે ધૂન ભરાણી. એટલે એ વિચારણામાં એ નશો કર્યો હોય એવી બની ગઈ. ત્યાર બાદ આ વૃંદ મોરલી અને પીતાંબરધરના ગાન કરવા લાગી. તે વખતે આના નેન ચકળવકળ થવા લાગ્યા અને તેના ચપલ નેત્રમાં અશ્રુજલભરાઈ આવ્યા. એને એવી ભારી ગભરામણ થઈ ગઈ કેપોતાની સખી

ઇંદુમતીની એને જરૂર જણાઇ. મનમાં ને મનમાં એ વિચાર કરે છે અને એમ કહેવા લાગે છે.

*दोहा-एकतो कुंवर गिरिवर धरन, मेरे गीतम जोन ।*
*जाको गावत ये युवति, सो गिरिधर धौं कोन ॥*

એક તો દોવર્ધનને ધારણ કરવાવાળો ગિરિધર પ્રિય કે જે મારો પ્રીતમ છે કે જેની પાસે હું જઇ આવું છું. અને વળી આ યુવતીઓ આ ગિરિધર પિયને ગાય છે તો આ ગિરિધર વળી કોણ છે.

*चोपाई- एककोऊ नारि निकट जगमगी ।*
*ताहि कुंवरहस पूछनलगी ॥*
*सुंदर गीत सुहावने माई ।*
*कहांके हें वे कुंवरकन्हाई ॥*
*सो सब कहन लगी व्यवहारा ।*
*जाकों बलयह सब संसारा ॥*

એક કોઇ નારી તે વકેત તે ની નિકટ આવી ગઇ. એને જોઇને હસીને કુંવર પૂછવા લાગી : હે સખી આ સુંદર સોહાવના ગીત જે તમે કુંવર કાન્હના ગાઓ છો તે કુંવર કાન્હ ક્યાંના છે. અને પછી સખી તેનો બધો વ્યવહાર કરે છે કે હે સખી જેના બળ પર આ સમસ્ત સંસાર ટકી રહ્યો છે.

*धर अंबर शशि सूरज तारे ।*
*सरि सरिता सागर गिरिमारे ॥*
*हमतुम अरु सब लोगसुगाई ।*
*रचना जिनहीं देव बनाई ॥*

પૃથ્વી, આકાશ, ચંદ્રમા સૂર્ય, તારાઓ, નદીઓ સાગરસરોવરો તું અને તું તેમજ સર્વ લોક અને લુગાઇ, જેની રચના જે દેવે બનાવી છે તે ગિરિધર દેવ છે.

*बहुर कुंवरि हस तासों कहे ।*
*तोवह देव कहांवे रहे ॥*

નમાં ને મનમાં એ વિચાર કરે છે

त्र धरन, मेरे गीतम जोन ।
सो गिरिधर धौं कोन ॥

ા કરવાવાળો ગિરિધર પ્રિય કે જે
હું જઇ આવું છું. અને વળી આ
ા છે તો આ ગિરિધર વળી કોણ છે.

निकट जगमगी ।
॥
।
ई ॥
वहारा ।
रा ॥

ી ની નિકટ આવી ગઈ. એને જોઇને
મી આ સુંદર સોહાવના ગીત જે તમે
કાન્હ ક્યાંના છે. અને પછી સખી
સખી જેના બળ પર આ સમસ્ત

ारे ।
ारे ॥
ाई ।
॥

ર્ય, તારાઓ, નદીઓ સાગરસરોવરો
ુગાઈ, જેની રચના જે દેવે બનાવી

कहे ।

---

बहुर कुंवरि हस तासों कहे ।
तोवह देव कहांवे रहे ॥
तब तिनमें एकओर सयानी ।
बोली परममनोहर वानी ॥
पंडित कहें कि सबठां सोई ।
वह देखे लखेन कोई ॥
ज्यों बलदृष्टि कूंभकूं देखे ।
कुंभतो नाहिन द्रष्टिकों पेखे ॥

પંછી કુંવરી એને હસીને કહે છે કે એ દેવ ક્યાં રહે છે. ત્યારે એ વૃંદમાં એક વધુ ચતુર હતી તે મનોહર વાણીથી બોલી. પંડિતો કહે છે કે એ સર્વવ્યાપક છે, સર્વ ઠેકાણે એ વસેલો છે. એ આપણ સર્વને દેખે છે, પંરતુ આપણે એને જોઇ શકતા નથી. દાખલા તરીકે આપણે આપણી દ્રષ્ટિથી કુંભને જોઇ શકીએ છીએ પરંતુ કુંભમાં એ દ્રષ્ટિ નથી કે તે આપણને જોઇ શકે. તેવી રીતે આપણે એને જોઇ શકતા નથી.

कुंभके द्रष्टि होय जब माई ।
तब भली द्रष्टि देखे दिखराई ॥

હા કદાપિ કુંભને દૃષ્ટિ હોય તો હે સખી એ આપણ સર્વને સુંદર દૃષ્ટિથી જોઇ શકે અગરતો દેખવા જેવા સર્વ પદાર્થોને જોઇ શકે. ભગવાનેં જોવા માટે કોઇ ઓર આંખ હોય છે. એ તે ભગવાન આપે તો તે આંખ મળે છે મતલબ કે અર્જુન જેવાની સાથમાં શ્રીકૃષ્ણ બિરાજતા હતા છતાં શ્રીકૃષ્ણના ખરા સ્વરૂપને જોવાને અર્જુન પાસે આંખ નહીં હતી. એ તો જ્યારે ભગવાને કૃપા કરી દિવ્ય ચક્ષુ આપ્યા ત્યારે અર્જુન બ્રહ્મના સ્વરૂપને જોઇ શક્યો.

तापर कवि एक ठांव बतावें ।
तहांकी बल यह गाथा गावें ॥
कोकुलगांम कहे एक कोई ।
तामें वसत सदासखि सोई ॥
नंदपिता यशुमति हैमाता ।

*गिरिधरलाल नगर विख्याता ॥*

હવે સખી કુવંરીને કહે છે કે કવિઓ તેને રહેવાની એક જગ્યા બતાવે છે ત્યાંની આ કીર્તિગાથા સર્વ કોઇ ગાય છે. એક ગોકુળ કરીને ગામ છે ત્યાં આ ગિરધર સદા વસે છે. એના પિતાનું નામ નંદરાય છે અને માતાનું નામ યશોદા રાણી છે. આજે ગિરિધરલાલ જગત વિખ્યાત છે તે એમનો લાલન છે.

दोहा- *जो सखी मुख अरु स्वपनसुख, सोइ सुन जगजाग ।*
*किहिंविध राखेंक्योरहे, रुईलपेटी आग ॥*

